જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

શ્રી કરણસિંહજી હાઇસ્કુલ બિલ્ડીંગ, સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧.

ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩ Email : rajkotdeo@gmail.com

આઝાદી का अमृत महोत्सव

ક્રમાંક: માધ્ય/ખ–૧/બદલી/GIA/કાઉન્ટર સહિ/૨૦૨૨/૮૬૬૩ થી ૮૯૦૪ તા.૧૨/૦૯/૨૦૨૨

ઈ–મેઈલ દ્વારા

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,

જિ.રાજકોટ.

વિષય : બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારી/શિક્ષકના ફરજ અંગેના પ્રમાણપત્ર પર કાઉન્ટ સહિ કરી આપવા બાબત.

સંદર્ભ : કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : ધ/માધ્ય/અનદ–૧/૨૦૨૨/૧૩૪૦૮–૪૧, તા.૦૫/૦૮/૨૦૨૨.

ઉપરોત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/૪૩૬૭૭૭/ગ–૨, **તા.૧૬/૧૦/૨૦૨૧**ના પરિપત્રના **મુદ્દા નંબર–૨** મુજબ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની નોકરી મોટેભાગે બિન–બદલીપાત્ર હોય છે. આવા સંજોગોમાં પતિ કે પત્ની, જો રાજ્ય કે પંચાયત સેવામાં ફરજ બજાવતા હોય તો તેમને બદલીથી અથવા સમકક્ષ જગ્યા ઉપર પ્રતિનિયુક્તિથી એક જ સ્થળે નજીકના સ્થળે નિમણૂક આપવાની વિચારણા કરવાની રહેશે. આ પ્રકારે બદલી, પ્રતિનિયુક્તિથી નિમણૂક કરતા પહેલાં સક્ષમ સત્તાધિકારીએ જાહેર હિત, વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવા જણાવેલ છે.

સંદર્ભ પત્રથી મળેલ સૂચનાનુસાર, સરકારી કર્મચારી કે જેમના પતિ/પત્ની, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવે છે આવા સરકારી કર્મચારીઓને **બદલીમાં અગ્રતાનો લાભ મળવા પાત્ર છે.** જેથી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષક કે જેઓના પતિ/પત્ની સરકારી નોકરીમાં હોય, તેવા બિનસરકારી અનુદાનિત શાળાના કર્મચારી/શિક્ષકના **નિમણૂક સત્તાધિકારી શાળા મંડળ દ્વારા તેઓ જે–તે શાળામાં ફરજ બજાવે છે, તે અંગેના પ્રમાણપત્ર પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સહી મેળવવા માટે નીચે મુજબના આધારો રજૂ કરવાના રહેશે.**

(૧) શાળાનો ફોરવર્ડીંગ લેટર (ભલામણ સાથે).

(૨) જે તે કર્મચારી/શિક્ષક, બિનસરકારી અનુદાનિત શાળામાં ફરજ બજાવે છે તે અંગેના નિમણૂક સત્તાધિકારી શાળા મંડળ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર પર કાઉન્ટર સહી મેળવવાની છે તે પ્રમાણપત્રની **બે અસલ નકલ**.

(૩) ગ્રાન્ટેડ શાળા હોવા અંગેના આધારની પ્રમાણિત નકલ.

(૪) બિનસરકારી શાળામાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષકના બહાલી/ભલામણપત્ર અને નિમણૂક હુકમની પ્રમાણિત નકલ.

(૫) બિનસરકારી શાળામાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષકનું અનુભવનું પ્રમાણપત્ર (વિષય–લાયકાત સાથે)

(૬) બિનસરકારી શાળામાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષકના, પતિ/પત્ની **હાલ જ્યાં ફરજ બજાવતા** હોય તે નોકરીનો પ્રકાર અને આધારની પ્રમાણીત નકલ.

(૭) દંપતિ હોવાના આધારો (૧) મેરેજ સર્ટીફિકેટ (૨) આધાર કાર્ડ (૩) ચૂંટણી કાર્ડની પ્રમાણીત નકલ અથવા માન્ય પૂરાવાની પ્રમાણીત નકલ સામેલ રાખવી. **(કોઈ પણ એક)**

જિલ્લા શિક્ષણાધિકારી

રાજકોટ

બિડાણ :– સંદર્ભ પત્રની નકલ

ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૧૩૪૦૮-૪૧

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૦૧/૦૮/૨૦૨૨

૧૨૩૦
૦૧/૦૮/૨૦૨૨

જિલ્લા વિકાસ અધિકારી કચેરી
સાબરકાંઠા
આ. નં. ૮૪૫૫
૦૮/૮/૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
તમામ.

વિષય: બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના કર્મચારી/શિક્ષકના ફરજ અંગેના પ્રમાણપત્ર પર કાઉન્ટર સહી કરવા બાબત.

સંદર્ભ: ૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/ ૪૩૬૩૪૩/ગ-૨ તા.૧૬/૧૦/૨૦૨૧નો પરિપત્ર
૨)શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:બમશ/૧૧૨૦૨૨/EM.૨૪૫/ગ તા.૧૨/૦૭/૨૦૨૨નો પત્ર
૩) વિવિધ સંઘની રજુઆત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યના વિવિધ સંઘ દ્વારા નીચે મુજબ રજુઆત કરેલ છે.

"સરકારે હાલ કર્મચારીઓની બદલી માટેના નવા નિયમો સાથેનો પરિપત્ર કરેલ છે. જેમાં અનુદાનિત શાળાઓ/સંસ્થાઓના પતિ-પત્ની દંપતિને પણ આ નિયમો હેઠળ બદલી પાત્ર ગણેલ છે. દંપતિમાંથી જે સરકારી નોકરી કરતા હોય એ પતિ/પત્નીને બદલીનો લાભ મળવાપાત્ર થાય છે. પરંતુ, દંપતિમાંથી પતિ/પત્ની જે અનુદાનિત શાળામાં નોકરી કરતા હોય એ બાબતના પત્રમાં "અનુદાનિત શાળામાં ફરજ બજાવે છે." એ પ્રમાણે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું પ્રમાણપત્ર/કાઉન્ટર સહીની જરૂર પડતી હોય સદર પત્ર/પ્રમાણપત્રમાં કાઉન્ટર સહી કરવા જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપવા વિનંતી કરેલ છે."

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: ટીઆરએફ/૧૦૨૦૨૧/ ૪૩૬૩૪૩/ગ-૨ તા.૧૬/૧૦/૨૦૨૧ના પરિપત્રના મુદ્દા નંબર-૨ મુજબ રાજ્ય સરકારના બોર્ડ, કોર્પોરેશન, અનુદાનિત સંસ્થાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓની નોકરી મોટેભાગે બિન-બદલીપાત્ર હોય છે. આવા સંજોગોમાં પતિ કે પત્ની, જો રાજ્ય કે પંચાયત સેવામાં ફરજ બજાવતા હોય તો તેમને બદલીથી અથવા સમકક્ષ જગ્યા ઉપર પ્રતિનિયુક્તિથી એક જ સ્થળે/નજીકના સ્થળે નિમણૂક આપવાની વિચારણા કરવાની રહેશે. આ પ્રકારે બદલી/પ્રતિનિયુક્તિથી નિમણૂક કરતા પહેલાં સક્ષમ સત્તાધિકારીએ જાહેર હિત, વહીવટી જરૂરિયાત અને કામગીરીને પ્રાધાન્ય આપવાનું રહેશે.

સરકારી કર્મચારી કે જેમના પતિ/પત્ની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવે છે આવા સરકારી કર્મચારીઓને બદલીમાં અગ્રતાનો લાભ મળવા પાત્ર છે. જેથી, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારી/શિક્ષક કે જેઓના પતિ/પત્ની સરકારી નોકરીમાં હોય, તેવા બિનસરકારી અનુદાનિત શાળાના કર્મચારી/શિક્ષકના નિમણૂક સત્તાધિકારી શાળા મંડળ દ્વારા તેઓ જે-તે શાળામાં ફરજ બજાવે છે, તે અંગેના પ્રમાણપત્ર પર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કાઉન્ટર સહી કરવામાં આવે તો અપાયેલ પ્રમાણપત્રની યથાયોગ્યતા પુરવાર થઈ શકે આથી શાળા મંડળ દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સેવા બજાવતા કર્મચારી/શિક્ષકને આપાયેલ સદર પ્રમાણપત્રની યોગ્ય ચકાસણી કર્યા બાદ કાઉન્ટર સહી કરી આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.ગાંધીનગર